શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

# ગુરુકુલ દર્શન

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

વર્ષ-૧૧ અંક-૨
ફેબ્રુઆરી - ૨૦૧૯
પંચવાર્ષિક લવાજમ
રૂા. ૨૫૦/-

# वंदे मातरम्

## शहीदोको श्रद्धा-सुमन

जम्मु काश्मीर - पुलवामा में शहीद हुए
अमर जवानो की दिव्य आत्माओ को
SGVP गुरुकुल परिवार श्रद्धासुमन अर्पण करता है ।
शहीदो के परिवार को हिंमत और धैर्य प्राप्त हो
ऐसी प्रभुचरणों में प्रार्थना ॥

કુંભમેળામાં પ્રજાસત્તાક પર્વે ધ્વજવંદન કરતા પૂજ્ય સ્વામીજી પૂજ્ય મહામંડલેશ્વર અવધેશાનંદજી મહારાજ તથા ભક્તજનો

પ્રજાસત્તાક પર્વે શહીદ જવાનોના પરિવારજનોને વિદ્યાસહાય અર્પણ કરતા આચાર્યશ્રી તથા મહાનુભાવો, SGVP

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે યોજાયેલ બાલિકા શિબિરમાં ઉપસ્થિત બાલિકાઓ તથા સાંખ્યયોગી બહેનો

સંસ્થાના અનન્ય સેવક રવિભાઈ ત્રિવેદીની પંચોતેરમી વર્ષગાઠ નિમિત્તે યોજાયેલ યજ્ઞાનુષ્ઠાન પ્રસંગે આશીર્વાદ પાઠવતા સદ્‌ગુરુ સંતો

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની પુન્યતિથિ નિમિત્તે રાજકોટમાં દિવ્યાંગો તથા દરિદ્રનારાયણને કુટ વિતરણ કરતા સંતો, રીબડા

પુલવામા ખાતે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા સંતો, વિદ્યાર્થીઓ- SGVP

સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી ખાતે યોજાયેલ પદવીદાન સમારંભમાં રાજ્યપાલશ્રીના હસ્તે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરતા દર્શનમ્‌ના પ્રાધ્યાપક શ્રી સુભાષભાઇ વસોયા તથા હાર્દિક જોષી. તેમજ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરતા સાધુ નિરંજનદાસજી સ્વામી તથા ઋષિકુમાર જાની રવિ

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

# ગુરુકુલ દર્શન

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ


વર્ષ-૧૧, ફેબ્રુઆરી : ૨૦૧૯, અંક : ૨

પ્રકાશક તથા માલિક : ૫.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૬૧/૬૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.


## અજ્ઞાન અંધારું રે...

પૂર્વ દેશ કે હમ વાસી,
જાને સોઈ જો સદ્‌ગુરુ સેવે,
વચનમેં અચલ નિવાસી...

જો આવે સોઈ અતિ સુખ પાવે,
કબહુ ન હોત ઉદાસી;
જનમ મરણ વા દેશમેં નાહિ,
ચિદાનંદ સુખરાસી...

એહી દેશમેં લેશ ન માયા,
અવિનાશી તહાં કાશી;
તરવેણી પુની પ્રાગરાજ તહાં,
મુક્તિ ચતુરધા દાસી...

દેશ અલૌકિક રહસ્ય અલૌકિક,
ઉરમે રહ્યો હે પ્રકાશી;
દાસ મુકુંદ પાયા ગુરુ પુરા,
ઉરકી ભ્રાંતિ વિનાસી...

# Kumbh Mela

## બાબા ! અભી મૈં મન સે નહીં ગઈ !

### (કુંભની પ્રસાદી)

- સ્વામી માધવપ્રિયદાસ

**ગામ** અજાણ્યું છે, નામ અજાણ્યું છે, પણ ઘટના સત્ય છે.

એક અજાણ્યા ગામમાં એક અજાણ્યો યુવાન રહેતો હતો. ભગવાને સુંદર શરીર આપ્યું હતું. પ્રતિભા પણ અપાર હતી. પરંતુ પૂર્વભવના યોગે આ યુવાનના લલાટમાં ભગવો ભેખ લખાયો હતો.

યુવાનને નાનપણથી સાધુ-સંતો ગમતા. એના અંતરને હિમાલયનો સાદ સંભળાતો. ઘરમાં મન ચોટતું નહીં. વનમાં જવાના સંકલ્પો થયા કરતાં.

આ યુવાનના દિલમાં ત્યાગની અને વૈરાગ્યની અગનકણી લાગી ચૂકી હતી, પરંતુ સંસારીઓ ક્યાં છોડે એવા છે ? યુવાનની ઈચ્છા હતી નહીં, છતાં માવતર અને સગાસંબંધીઓએ પરાણે યુવાનને લગ્નની બેડીએ બાંધ્યો.

સંસારીઓને ક્યાં ખબર હતી કે, હાથીને કમળના વેલાથી વધારે સમય બાંધી નથી શકાતો !

સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે યુવાનને પત્ની કર્કશા મળી. યુવાન માટે પત્નીનો સ્વભાવ લાભકારી નીવડ્યો. પત્નીના કડવા વેણ પીને એના અંતરની વૈરાગ્યની વેલ્યના મૂળ મજબૂત થયા.

એક રાત્રે કોઈ ન જાણે એમ યુવાને ઘર છોડ્યું અને હિમાલયની વાટ લીધી.

ઉદાસીન સાધુઓની જમાતમાં ભળ્યો, હિમાલયમાં કઠોર સાધના કરી.

આ બાજુ પતિ બાવો થયો, એટલે કુટુંબીઓએ સતીને સૌભાગ્યના શણગાર ઉતારવાનું કહ્યું. સતી બોલી, "શણગાર નહીં ઉતારું, મારો પતિ બાવો થયો છે, મરી નથી ગયો !"

માવતરે પીયર આવવા આગ્રહ કર્યો, પણ એણે માવતરને સંભળાવી દીધું, "મારા પતિનું ઘર એ જ મારું પિયર. સાસુ-સસરાની સેવા કરીશ. જીવન ગુજારીશ."

કોઈએ એને કહ્યું, "જુવાન ઉંમર છે, બીજા લગ્ન કરી લ્યે."

સતીએ કહ્યું, "એક ભવમાં બે ધણી ન થાય."

જુવાને જંગલમાં જોગ જગાવ્યો, પત્નીએ ઘરમાં સાસુ-સસરાની સેવા કરી સાધના આરંભી.

આ બાજુ તપશ્ચર્યાનું કઠોર તપ પૂરું કર્યા પછી યુવાનને થયું, 'મારે શાસ્ત્રો ભણવા જોઈએ અને એનો મર્મ સમજવો જોઈએ. શાસ્ત્રના મર્મ સમજ્યા સિવાય સાધના અધૂરી રહે.'

એણે ઈશ્વરની આરાધના સાથે સરસ્વતીની આરાધના શરૂ કરી. જન્મજાત પ્રતિભા તો હતી જ. એટલે થોડાં સમયમાં જ એ સાધુ શાસ્ત્રોમાં પારંગત બન્યો.

ભારતમાં સાધુઓની સંખ્યા હજારોની છે, પરંતુ પ્રમાણમાં વિદ્વાનોની સંખ્યા ઓછી છે.

ઈશ્વરની આરાધના અને સરસ્વતીની સાધનાનો સંગમ થાય તો ગંગામાં જમુનાના સંગમ સમાન જીવન પ્રયાગરાજ બને.

સાધુઓનાં વૃંદમાં આ યુવાન સંતની પંડિતાઈ વખાણાવા લાગી. પરિણામે સારોએ સંત-સમાજ એમને પંડિતબાબા તરીકે ઓળખવા લાગ્યો.

કાળના પ્રવાહને કોઈ નાથી શકતું નથી. સમય સરતો રહ્યો, પંડિતબાબાની સાધના ચાલતી રહી.

ભારતવર્ષમાં કુંભમેળાનું ભારે મહત્ત્વ છે. સેંકડો વર્ષોથી નાસિક, ઉજ્જૈન, હરિદ્વાર અને પ્રયાગરાજમાં દર ત્રણ વર્ષે કુંભમેળા ભરાતા આવે છે.

તીર્થરાજ પ્રયાગમાં આવો જ કુંભમેળો આવી રહ્યો હતો.

એ વખતે કુંભનો મેળો આજના જેવો જાહોજહાલી અને ઝાકમઝોળથી ભરેલો ન હતો.

પ્રયાગક્ષેત્રની આસપાસ વસતાં ગામડાંઓના ભાવિક લોકો સાધુ-સંતો માટે રહેવાની પર્ણકુટીઓ બાંધી આપતા. સાધુ-સંતો એ પર્ણકુટીઓમાં ધૂણીઓ ધખાવી અલખને આરાધતા. ગામડાંના લોકો એમને દાળ-ચોખા અને લોટ જેવી સામગ્રી પૂરી પાડતા.

સાધુઓની સંખ્યા હજારો હોય, સામગ્રી પૂરી પડે એમ ન હોય, પરંતુ સાધુઓને ભોજન કરતા ભજનમાં વધારે રસ હતો. મળે તો બે કોળિયા જમી લેતા અને ન મળે તો સંગમજળનું પાન કરી 'રામ રામ' રટતા રહેતા.

કુંભપર્વ સમયે કોઈપણ સંસારીને પ્રયાગક્ષેત્રમાં રાત રહેવાની મંજુરી ન હતી. સાધુ-સંતોના દર્શન માટેનો સમય મર્યાદિત રહેતો.

સાંસારિક ચિંતાઓથી મુક્ત અલમસ્ત મહાત્માઓ માટે કુંભપર્વ એટલે સાધનાપર્વ.

કહેવાય છે કે, અનેક સિદ્ધયોગીઓ કુંભપર્વ સમયે પ્રયાગરાજમાં સ્નાન કરવા પધારે છે. અજાણ્યા વેશમાં રહેલા આ યોગીઓને ઓળખવા મુશ્કેલ હોય છે. તેઓ ક્યાંથી આવે છે ? ક્યારે આવે છે અને ક્યા ચાલ્યા જાય છે? એની કોઈનેય ખબર પડતી નથી!

એક સમયે આવો જ કુંભમેળો ભરાયો હતો. હજારો સાધુ-સંતો ભેગા થયા હતા. પંડિતબાબાએ પણ એક કુટીરમાં અલખની ધૂણી ધખાવી હતી.

પ્રભાવશાળી શરીર હતું. આખેય શરીરે ભભૂત લગાવી હતી. રાખ નીચે અંગારાના તેજ ઝળહળે એમ ભસ્મ ખરડાયેલા શરીરમાંથી સૌંદર્ય ઝળહળતું હતું. એ સૌંદર્ય માત્ર શરીરનું ન હતું, એ સૌંદર્યની સાથે સાધુતાનું તેજ ભળેલું હતું. માથે મોટી જટા હતી. ગળામાં રૂદ્રાક્ષની માળાઓ હતી. હાથમાં સાધુતાના શણગાર સમા રૂદ્રાક્ષનાં બેરખાઓ હતા. દિગંબર શરીરે એક માત્ર કૌપીન પહેરી હતી. ધૂણાની બાજુમાં ત્રિશૂળ ખોડ્યું હતું. એક બાજુ ચીપિયો અને કમંડળું હતા. બીજી બાજુ ધ્યાનપાવડી પડી હતી.

કુંભપર્વ એટલે આસ્થાનું પર્વ. કુંભમાં કરોડો નર-નારીઓ વણનોતર્યા આવે ! શિયાળાની ઋતુમાં, કડકડતી ઠંડીમાં સંગમના ઠંડા જળમાં સ્નાન કરે ત્યારે એમનાં જીવને ટાઢક વળે!

આ વખતે પણ કુંભમાં ભારતને ખૂણેખૂણેથી શ્રદ્ધાળુઓ એકઠાં થયા હતા. શ્રદ્ધાળું નર-નારીઓ સંગમમાં સ્નાન કર્યાં પછી ભાવથી સાધુ-સંતોના દર્શન કરતાં, એમને ચરણે યથાશક્તિ દક્ષિણાઓ ધરતાં અને પોતાની જાતને ધન્ય માનતા.

હવે બન્યું એવું કે, પેલા પંડિતબાબાના પત્ની પણ કુંભમાં આવ્યા હતા. સાથે ગામનાં માણસોનો સંઘ હતો.

બાઈએ સંઘ સાથે સંગમમાં સ્નાન કર્યું. પછી સાધુ-સંતોના દર્શને નીકળ્યા અને યોગાનુયોગ એ જ જગ્યાએ આવ્યા કે જ્યાં પંડિતબાબાએ ધૂણો ધખાવ્યો હતો.

દૈવની લીલા પણ ગજબની છે. એ ન કલ્પ્યો હોય એવો અણધાર્યો યોગ ઊભો કરે છે !

બાઈએ ભાવથી આ ભભૂતિયા બાબાના દર્શન કર્યા, પણ 'વૈરાગીના વેશમાં બેઠો છે એ મારો પતિ છે' એવી ઓળખાણ ન પડી.

ઓળખાણ પડે પણ ક્યાંથી ? પતિએ ઘર છોડ્યું એને વર્ષો વીતી ગયાં હતાં. શરીરમાં પરિવર્તનો આવ્યા હતા. અધૂરામાં પૂરું, આખા શરીરે રાખ ચોળેલી હતી. આવો જટાજૂટ વેશ ધારી 'પોતાનો પતિ હોય' એવી કલ્પના પણ બાઈને કેમ આવે !

પત્ની જોગીના વેશમાં રહેલ પતિને ઓળખી ન શકી, પરંતુ જોગીના વેશમાં રહેલો પતિ પત્નીને ઓળખી ગયો.

જોગીના દિલમાં વિજળીનો ઝબકારો થયો. 'અરે ! આ તો એ જ ! જેની સાથે મેં સંસાર માંડ્યો હતો.'

થોડીવાર જોગીભાવ ભૂલાયો, પતિભાવ જાગ્યો. હવે બન્યું હતું એવું કે બાઈના શરીર ઉપર સૌભાગ્યના શણગાર હતા. શણગાર જોઈ બાબાના દિલને આંચકો લાગ્યો.

પેલી બિચારી બાઈએ આશીર્વાદની કામનાથી જોગીના ચરણે શીશ નમાવ્યું, ત્યાં જોગીએ વાંકા વેણ ઉચ્ચાર્યા, "પતિ પરદેશ હોય અને સતી શણગાર સજીને ફરે એ સારું કહેવાય ?"

વેણ સાંભળી બાઈ ચમકી. આંખ્યોથી જે ન ઓળખાયો એ વાણીથી ઓળખાઈ ગયો. એણે જોગી સામે મીટ માંડી. એના હૈયે હા પાડી, 'અરે ! આ તો એ જ છે, જેણે માંડવામાં મારો હાથ પકડ્યો હતો અને મારી સાથે ચાર ફેરા ફર્યો હતો !'

સતીની આંખમાંથી તેજના લીસોટા નીકળ્યા, જે જોગીના દિલને દઝાડવા લાગ્યા !

બાઈનો સ્વભાવ અને વાણી તો તેજ હતા જ. એનાં મુખમાંથી કટાર જેવા શબ્દો નીકળ્યા, "बाबा ! भभूत लगाई, जटा बढाई, कौपीन पहनी, धूनी रमाई लेकीन अभी मनमें से मैं नहीं गई ! राममें पूरा मन नहीं लगा ! उपरसे संसार छोडा, लेकीन भींतर माया रह गई !"

તીખા તીર જેવા શબ્દોએ જાગીને વીંધી નાંખ્યો. એણે

નેણ નીચા ઢાળ્યા. મન સાથે સંવાદ માંડ્યો, "ફટ ભૂંડા ! મને છેતર્યો ?"

એણે આંખો મીંચી અલખધણીને યાદ કર્યા. આર્તનાદ પૂર્વક આરાધના આદરી. અલખધણીની કૃપારૂપી પવનથી પળભર માટે સર્જાયેલ સંસારનું વાદળ વિખરાઈ ગયું.

જોગી ભીતરથી જાગી ગયો. અંતર વાદળા વિનાના આકાશ જેવું બન્યું. થોડીવાર પછી એણે નેત્રો ખોલ્યા. પતિએ સતીને હાથ જોડ્યા અને કહ્યું, "माई ! मेरी भूल हो गई. अब यह भूल दुबारा नहीं होगी ।" આમ કહી જોગીએ આંખો મીંચી લીધી.

જોગીએ વિચાર કર્યો, 'આંખ પડી તો ઓળખાણ જાગી. ભલે થોડીવાર તો થોડીવાર પણ સાધુપણું વિસરાયું. હવેથી આ નેણને નિયમમાં રાખીશ.'

પંડિતબાબાએ જીવનભર 'નાસાગ્રવૃત્તિ'નું નિયમ લીધું.

જે કામ ધૂણી ધખાવવાથી ન થયું, જે કામ સરસ્વતીની સાધનાથી ન થયું, એ કામ સતીના શબ્દોથી થયું.

સતીના વચનબાણથી વીંધાયેલો જોગી પછી તો આખી જિંદગી જાગતો રહ્યો. નેણને નાસાગ્ર રાખ્યા અને મનને અલખની આરાધનામાં જોડ્યું.

સમય અને સંજોગવશાત્ પળભર માટે ઝાંખો થયેલો જોગનો ધૂણો પાછો જાગી ગયો !

**નોંધ :** કુંભના પાવન પ્રસંગે મહાન કથાકાર વૈષ્ણવ સંત શ્રી રાજેન્દ્રદાસજી મહારાજના મુખેથી સાંભળેલો પ્રસંગ.

## કુંભ મેળો એટલે સામુહિક સાધનાપર્વ

**ભારતીય** સંસ્કૃતિમાં કુંભમેળાનું ભારે મહત્ત્વ છે. કુંભમેળો સાધારણ નથી. આ મેળો સામૂહિક રીતે અધ્યાત્મ સાધનાનું પર્વ છે.

વિશ્વમાં કોઈપણ જગ્યાએ, કોઈપણ ધર્મમાં, આટલો વિશાળ ધર્મમેળો યોજાતો હોય એવું સાંભળ્યું નથી.

કુંભપર્વનો સંબંધ સમુદ્રમંથનની કથા સાથે જોડાયેલો છે.

સમુદ્રમાંથી અમૃત નિકળ્યું ત્યારે ભગવાન વિષ્ણુનારાયણના સંકેતથી ગરૂડજીએ ભગવાન ધન્વંતરીના હાથમાંથી કુંભ લઈ લીધો.

અમૃત કુંભ લઈને ગરૂડ ઊડ્યા. એમણે પહેલો વિસામો નાસિકમાં ગોદાવરી નદીને કિનારે લીધો. બીજો વિસામો ઉજ્જૈનમાં ક્ષીપ્રા નદીને કિનારે લીધો. ત્રીજો વિસામો હરિદ્વારમાં ગંગા કિનારે લીધો અને ચોથો વિસામો તીર્થરાજ પ્રયાગમાં લીધો. જ્યાં જ્યાં વિસામો લીધો ત્યાં થોડાં અમૃતબિંદુઓ ખર્યા.

આ ચારે સ્થળોમાં દર ત્રણ વર્ષે કુંભમેળાનું આયોજન કરવામાં આવે છે. જે ક્રમશઃ પા કુંભ, અર્ધ કુંભ, પોણો કુંભ અને પૂર્ણ કુંભ ગણાય છે.

ગરૂડજી કુંભને લઈને ઊડ્યા ત્યારે સૂર્ય, ચંદ્ર અને દેવગુરુ બૃહસ્પતિએ અમૃતકુંભની રક્ષામાં કોઈને કોઈ રીતે મદદ કરી હતી.

આ પુરાણકથાનો આકાશના ગ્રહોની સ્થિતિ સાથે આશ્ચર્યજનક સંબંધ છે.

આકાશના ગ્રહોની સ્થિતિને આધારે કુંભપર્વનો નિર્ણય થાય છે. માઘમહિનો હોય, વૃષ રાશિમાં ગુરુ હોય, મકર રાશિમાં સૂર્ય અને ચંદ્ર હોય ત્યારે કુંભપર્વ સર્જાય છે. આવો યોગ બાર વર્ષે એકવાર આવે છે. ગ્રહોનો આવો સુભગ સંજોગ કલ્યાણકારી છે.

વૃષ રાશિમાં ગુરુ હોય ત્યારે મનુષ્યના મનમાં સત્વગુણ વિશેષ રહે છે.

મકરનો સૂર્ય કાર્યકુશળતા આપે છે.

મકરનો ચંદ્ર ઐશ્વર્યવર્ધક છે.

ગંગા-જમુનાનો સંગમ એમાં સુવર્ણમાં સુગંધ ભેળવે છે.

ગંગાજી જ્ઞાનધારા છે, જમુનાજી ભક્તિધારા છે, ગુપ્ત સરસ્વતી ગુપ્તસાધના છે.

પવિત્ર કાળ, પવિત્ર દેશમાં થતી સાધના સાગરમંથન છે.

આ રીતે દેશ, કાળ અને સાધનાના સુભગ સંગમ સમા 'ત્રિવેણી તીરે' પ્રયાગરાજમાં અમૃતકુંભ પ્રગટે છે.

આ કુંભ નથી રૂપાનો કે રૂપિયાનો, આ કુંભ છે ચૈતન્યનો.

આ કુંભમાં અધ્યાત્મનું અમૃત ભર્યું છે. આ કુંભમાં દિવ્ય ઉર્જાનો ભંડાર ભર્યો છે. કુંભપર્વનો આ આધ્યાત્મિક મર્મ છે.

કુંભપર્વનો આધિભૌતિક ભાવ પણ અદ્‌ભુત છે.

કુંભપર્વ એટલે ભારતીય સંસ્કૃતિનો ભાતીગળ બગીચો.

કુંભપર્વ એટલે સનાતન ધર્મની વિવિધ ગંગધારાઓનો સંગમ.

કુંભપર્વ એટલે વિવિધતામાં રહેલી એકતાનો સંગમ.

કુંભપર્વ એટલે સમરસતાનું અમૃતથી સભર પર્વ.

કુંભપર્વ એટલે આસ્થા અને શ્રદ્ધાનું પર્વ.

કુંભમેળો ક્યારથી શરૂ થયો ? એની કાળગણના થઈ શકતી નથી. ચીનયાત્રી હ્યુ એન સંગે આ મેળાની નોંધ લીધી છે.

સમ્રાટ હર્ષવર્ધન આ મેળો ભરતા અને વિદ્વાન સન્યાસીઓ પાસે જ્ઞાનગોષ્ઠી કરાવતા.

ભગવદ્‌પાદ શંકરાચાર્યજીએ આ મેળાને વધારે વ્યવસ્થિત કર્યો હતો. શ્રીમદ્ શંકરાચાર્યજીના આ પુણ્ય પ્રયાસથી ભારતવર્ષની ધાર્મિક એકતા મજબૂત થઈ. ઋષિઓએ પ્રબોધેલા જ્ઞાન-વિજ્ઞાનના મૂળ ઊંડા ગયા.

કુંભપર્વ પ્રસંગે કરોડો શ્રદ્ધાળું ભાઈ-બહેનો વણનોતર્યા ભેગા થાય છે. નવાઈની વાત એ છે કે કુંભમેળા પ્રસંગે ક્યાંય ભોજન વેચાતું નથી. કેન્ટીન કે રેસ્ટોરન્ટ હોતા નથી.

સંત-મહાત્માઓના અખાડાઓમાં લોકોને સવાર-બપોર-સાંજ પ્રેમથી જમાડવામાં આવે છે.

સામાન્ય રીતે સંસારીઓ સાધુઓને જમાડતા હોય છે. કુંભમેળામાં સાધુઓ સંસારીઓને જમાડે છે.

કરોડો આસ્થાળુઓ એકઠાં થાય છે, પણ કુંભમાં કોઈ ભૂખ્યું રહેતું નથી.

કુંભમાં સંત-મહાત્માઓના પંડાલે પંડાલે ધૂન-ભજન અને કથાવાર્તાનું અમૃત વરસ્યા જ કરતું હોય છે. ઠેકાણે ઠેકાણે સાધકો સાધનારૂપી અમૃતનું પાન કરતાં રહે છે. આ ભજન અને સાધનારુપી અમૃતમાં કુંભપર્વનું સાચું હાર્દ સમાયું છે.

વિવિધ પંથોના સંત-મહાત્માઓ અહીં પ્રેમથી એકબીજાને મળે છે ત્યારે સાચો ધર્મ સંગમ સર્જાય છે. આ ધાર્મિક સમરસતા ભારતવર્ષની ધાર્મિક એકતાને સુદૃઢ કરે છે.

અમારે કુંભમેળામાં અનેકવાર જવાનું થયું છે. એમાં ઉજ્જૈનનો કુંભમેળો અને આ વખતનો પ્રયાગનો કુંભમેળો નોખી ભાતના રહ્યા છે.

મધ્યપ્રદેશના પૂર્વમુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે નવું કિલોમીટર જેટલી પાઈપલાઈન નાંખી નર્મદાના નીર ક્ષીપ્રા નદીમાં ઠાલવ્યા હતા.

ભગવાન મહાકાલેશ્વરના સાન્નિધ્યમાં ઉજવાયેલો આ કુંભમેળો અનોખો હતો.

તાજેતરમાં પ્રયાગરાજ ખાતે યોજાયેલ કુંભમેળાની વાત ખરેખર અદ્‌ભુત છે.

ભારતવર્ષના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી આદિત્યનાથ યોગીજી અને એમની સરકારે કુંભમેળા પ્રસંગે કલ્પી ન શકાય એવી સુંદર વ્યવસ્થા કરી છે. ગંગા-જમુનાના વિશાળ જળપ્રવાહો ઉપર અનેક કામચલાઉ પુલો બાંધ્યા કે જેથી ભીડ કે ભાગદોડનો કોઈ પ્રશ્ન ન રહે.

સંગમસ્થળે સ્નાન માટે સુરક્ષાનો પૂરો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. લાઈટ-પાણી વગેરેમાં કોઈ જાતની કચાશ રહેવા દીધી નથી. કરોડો માણસોની સુરક્ષા માટે મજબૂત સુરક્ષાચક્ર ઊભુ કરવામાં આવ્યું છે.

વિદેશી લોકોને આકર્ષવા માટે અનોખી વ્યવસ્થા કરવામાં આવી છે.

ઠેકાણે ઠેકાણે ભારતીય સંસ્કૃતિને ઉપસાવનારા વિશાળ ચિત્રો કુંભમેળામાં જુદી જ ભાત પાડે છે.

સ્વયં સરકારશ્રી તરફથી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા રહે છે.

વિશેષમાં આ વખતે બરાબર કુંભમેળા પ્રસંગે ૨૬ જાન્યુઆરીનો દિવસ આવ્યો હતો. ત્યારે સમસ્ત કુંભમેળો રાષ્ટ્રીયતાના રંગે રંગાયો હતો. સંત-મહાત્માઓએ ધ્વજવંદન કરી ઈશભક્તિની સાથે પોતાની રાષ્ટ્રભક્તિ પણ પ્રગટ કરી હતી.

કુંભમેળાના આ અદ્‌ભુત આયોજન બદલ શ્રી યોગીજીની સરકાર તેમજ પ્રધાનમંત્રી શ્રીમોદીજીને જેટલા ધન્યવાદ દઈએ એટલાં ઓછાં છે.

# રૂહાની સંગીત

- સાધુ યજ્ઞવલ્લભદાસ

**ભગવાન** શ્રી સ્વામિનારાયણ વિવિધ કલાઓના પોષક હતા. એમના સાન્નિધ્યમાં રહીને સંતો સંગીતકલા, ચિત્રકલા, શિલ્પકલા, લેખનકલા વગેરે અનેક પરંપરાગત કલાઓમાં પારંગત થયા હતા. એ તમામ કલાઓના બેજોડ નમૂનાઓ આજે પણ ઉપલબ્ધ છે. જેમાં સ્વામિનરાયણીય સંગીત આજે પણ અનોખી ભાત પાડે છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી વગેરે સંતકવિઓનું ભક્તિસંગીત ક્ષેત્રે યોગદાન અવિસ્મરણીય છે. જે સમયે ભક્તિસંગીતની પરંપરા અધર્મીઓના આક્રમણ સામે ઝઝૂમી રહી હતી, એ સમયે સ્વામિનારાયણીય સંત-સંગીત અને વૈષ્ણવોનું હવેલી સંગીત ભક્તિસંગીત પરંપરાને નવો માર્ગ બતાવી રહ્યું હતું. આજે આ બંને પરંપરાઓ સંગીતમાં પોતાનું આગવું સ્થાન પામેલ છે.

નંદસંતોના સંગીતમાં એક અનોખો ઉઠાવ હતો. કારણ કે એ સંતો પ્રત્યક્ષ ભગવાનને રીઝવવા પોતાની કળાનો ઉપયોગ કરી રહ્યા હતા. ઈષ્ટ પ્રસન્ન થાય એ સિવાય એમનો અન્ય કોઈ ઉદ્દેશ નહોતો. માટે જ આજે પણ શ્રીહરિની સ્મૃતિ અને ભક્તિની સુવાસથી રચાયેલા નંદસંતોના પદો ભાવકને અભિભૂત કરે છે અને ભક્તિમાં તરબોળ કરે છે.

કેવી ભક્તિની ભીનાશ નિતારતી એ સ્વામિનારાયણીય સંગીતમાં, કેવો પ્રભાવ હતો એ ગાયન-વાદનનો ? જેની પ્રતીતિ કરાવતો શ્રીહરિની ઉપસ્થિતિમાં જ બનેલો એક પ્રસંગ જોઈએ...

પંચાળા દરબાર ઝીણાભાઈના આગ્રહ અને ભાવને વશ થઈ શ્રીજી મહારાજે જૂનાગઢમાં મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો. ઝીણાભાઈએ પોતાની જમીન મહારાજને અર્પણ કરી. શ્રીજી મહારાજે જૂનાગઢમાં મંદિર નિર્માણ કરવા માટે કવિશ્વર બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા.

એ સમયે જૂનાગઢમાં નવાબી રાજ્ય હતું. બહાદુરખાન જૂનાગઢનાં નવાબપદે બિરાજમાન હતા. કવિશ્વર બ્રહ્માનંદ સ્વામી અને નવાબ બહાદુરખાનની મુલાકાત વર્ષો પહેલા થઈ હતી. ત્યારે બ્રહ્માનંદ સ્વામી 'લાડુદાન' તરીકે જૂનાગઢ પધાર્યા હતા અને પોતાની કાવ્યત્વશક્તિનો પરચો આપ્યો હતો.

વર્ષો પછી એ જ લાડુદાનજી આજે બ્રહ્માનંદ સ્વામી થઈને ફરી જૂનાગઢ આવ્યા. નવાબ સાથે મુલાકાત થઈ, ઓળખાણ થઈ અને સ્વામીના યોગથી નવાબના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અતિ અનુરાગ ઉપજ્યો. સ્વામીના ઉત્તમોત્તમ ગુણોથી પ્રભાવિત થયેલા નવાબને સ્વામી પ્રત્યે અપાર સ્નેહ અને મૈત્રી બંધાઈ ગઈ હતી.

નવાબ સંગીતપ્રેમી હતા. એમને સંગીત સાંભળવું ખૂબ ગમતું. માટે જ તેઓ બ્રહ્માનંદ સ્વામીના ગાયન અને કાવ્યશક્તિને વશ થઈ ગયા હતા. ઉપરાંત નવાબે બ્રહ્મમુનિનો 'શતાવધાન' પ્રયોગ પણ માણેલો, સ્વામીની આ કળાથી તેઓ ખૂબ પ્રભાવિત થયેલા. સાથે સાથે યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીના સાન્નિધ્યમાં નવાબના જ કારભારીને થયેલ સમાધિ, સમાધિમાં પૈગંબરોના દર્શન અને પૈગંબરોએ ભગવાન શ્રીહરિની કરેલી સ્તુતિ એ બધી અનુભવાત્મક ઘટનાથી નવાબને શ્રીહરિ પ્રત્યે ખૂબ જ

દિવ્યભાવ જાગ્યો હતો.

નવાબના મનમાં સતત ઝંખના રહ્યા કરતી કે, જેના ફકીરો આવા ઐશ્વર્ય પ્રતાપી છે, તો એમના ખુદા સહજાનંદ સ્વામી કેવા હશે !? એ ઝંખનામાં રાત-દિવસ ડૂબ્યા રહેતા નવાબની ઈચ્છા પૂરી કરવા જૂનાગઢ પધારેલા મહારાજ મોટા મોટા સદ્‌ગુરૂઓ, બ્રહ્મચારી, પાળા, કાઠી-દરબારો વગેરેને સાથે લઈ નવાબના રાજમહેલમાં પધાર્યા. નવાબે મહારાજનું ભાવભર્યું સ્વાગત કર્યું.

સ્વયં ખુદાના દર્શન થયાનો ભાવ રાખતા નવાબનાં હૃદયમાં આનંદ છવાયો છે. નવાબે ઘણાં પ્રકારની ભેટ-સોગાદો તૈયાર કરાવી છે. સુવર્ણાલંકાર, શાલ-દુશાલા, હીરાજડિત હાર વગેરે ભેટ-સોગાદ સાથે કોરીયો, મેવા-મિઠાઈ વગેરેના થાળ ભરીને મહારાજને અર્પણ કર્યા. વારંવાર નમન કર્યું, પોતાના પરિવારને પણ શ્રીહરિના દર્શન કરાવ્યા અને બે હાથ જોડી બોલ્યા, "હે ખુદાતાલા! હે પરવરદિગાર ! આપકા દિયા હુઆ યે રાજ્ય મૈં સંભાલતા હૂં. મૈં આપકા દુવાશ્રિત હૂં. મૈં કમસીન ક્યાં ઈબાદત પેશ કરૂં !? આપકે શિષ્ય ગોપાળાનંદજી, યે શીઘ્ર કવિ બ્રહ્મમુનિ બગૈરહ આપકી હી તહેનાત મેં હાજર હુકમ કદમપોશ શાગિર્દ હૈં. તબ મેરી ક્યાં ઔકાત ? આજ આપકા દિદાર કરકે મેરે દિલકો બહુત ચૈન મિલા-સુકૂન મિલા. આફરીન રૂહી ! મૈં કીતની ઈબાદત કરૂં. અજ્ઞાની હૂં મૈં. આપ જ્ઞાનનૂરકે પૂંજ પના. મેરા સ્વીકાર કરના."

નવાબની ઈબાદત સાંભળી શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. મંદ મંદ હસતા બોલ્યા, "તમને આ નૈષ્ઠિકજતિ બ્રહ્મમુનિ જેવા સંતમાં પ્રીતિ છે, બસ એ જ આપનું મહા સદ્‌ભાગ્ય છે. આપ નિતિધર્મથી રાજ ચલાવજો. હિંદુ મુસ્લિમ બંને ધર્મોને સમાન ભાવથી પોષજો. ન્યાયીધર્મસત્તા સહ રાજસત્તા સર્વના સુખનું કારણ છે. કારણ કે ધર્મ એ જ સર્વ સુખમૂલક છે અને ધર્મથી જ આપનું રાજ્ય સલામત રહેશે."

મહારાજના વચનોપદેશ નવાબસાહેબે માથે ચડાવ્યા અને પોતાના રાજ્યના ગવૈયાઓને આજ્ઞા કરી કે, "આપ અપની તરન્નુમ બજાકે-અપની કલા પેશ કરકે ખુદાતાલા કો પ્રસન્ન કીજીએ." સંગીતજ્ઞોએ પોતાના વાજિંત્રો હાથમાં લીધા અને 'રેખતા' રાગમાં તરાનાબદ્ધ ગાનતાન શરૂ થયા. મહારાજ ખૂબ રાજી થયા.

નવાબ કહે, "હે ખુદાતાલા ! મૈંને સુનાહૈં કી આપકે સંગીતજ્ઞ સંતવૃંદ ગાનવિદ્યા મેં બહેતરીન નિપુન હૈં. વિવિધ સંગીતકા જ્ઞાનનિધિ હૈં. બસ દિલમેં હો રહા હૈં કી આપ યે ભક્તિદિલ સંતવૃંદ કો આજ્ઞા કરેં કી હમેં એક અચ્છી ભગતિતાન સુનાકે કૃતાર્થ કરેં ! યાકી સુનકે હમાર દિલ કો ચૈન મિલે. વોહિ હમારી ખુશનસીબી હોગી."

નવાબનો સંકલ્પ પૂરો કરવા શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામી સામે જોયું. સ્વામી તથા અન્ય સંતો વાદ્યો લઈ તૈયાર થયા.

પ્રેમાનંદ સ્વામીએ પણ રેખતા રાગના આલાપ-તાનનો સુમધુર રસધારાવાહિ સાથે પ્રારંભ કર્યો. પ્રેમાનંદ સ્વામી ઉર્દુભાષાના જાણતલ હતા, તેથી ઈશ્ક સભર સૂફિઆલીનની વિશિષ્ટ અદાકારીથી ઉર્દૂ ગઝલની રચના સંભળાવી.

રચનાના શબ્દોથી જ નવાબ ફિદાદિલ થઈ ગયા. શું શબ્દોમાં પ્રેમમસ્તી હતી ! શું રાગ-છટા ! શું સંગીત તરાના! રીધમ-મૃદંગાદિક સંગીત લહેરી ! વાહ ! વાહ ! મહેફિલ ગુંજ ઉઠી.

**આશકોંદી યારી વે માશૂક ન જાના ભૂલી...**
**સુન સાંવરે સાહેબા મુહબ્બત હમારી વે;**
**ખાવંદ ખુશી હોય રખના, દિલમેં વિચારી વે...**
**સૂરત લગી કદમોં સે ન ટરેગી ટારી વે;**
**પ્રેમાનંદ કે પ્યારે હમકું, લેના સંભારી વે...**

પ્રેમાનંદ સ્વામીના સમસૂર અને રાગરાગીણીમાં નવાબીસભા સ્તબ્ધ થઈ ગઈ. જાણે કે પૂતળા પડ્યા હોય એમ સૌ સાંભળી રહ્યા. એક ગઝલ પૂરી થતા સ્વામીએ બીજી શરૂ કરી...

**દીખલા દિદાર પ્યારા, મહેબૂબ હમારા;**
**માશૂક જરા દે દેના, નૈનોંકા નજારા;**
**ઈતનેમેં તો હોવેગા, આશકુંદા ગુજારા....**

હૃદયના ઊંડાણમાંથી માધુર્ય પ્રગટાવતા સ્વર સાંભળી નવાબ તથા સૌ મુસ્લિમ બિરાદરોના મુખથી શબ્દો સરી પડ્યા, 'આફરીન, આફરીન ! હમારે દિલમેં આપકી ઈબાદત પે રાજ હૈં ઔર ખુદાપ્રેમ સિવા જો ગીત હૈ ઉસ ગીત-ગાન પેં હમેં નાઝ હૈં.'

આમ બોલતા બોલતા નવાબ તો ઉભા થઈ મહારાજના ચરણમાં મસ્તક નમાવીને પ્રેમાનંદ સ્વામી વિષે ઘણાં પ્રશસ્તિ વચનો કહેવા લાગ્યા, "હે ખુદાતાલા ! રૂહ કો છૂ લેને વાલા સંગીત આજ પહેલીબાર સૂના. ઐસે સંત જો ખુદાકી બંદગીમે ડૂબે હો ઔર અન્ય કો ડૂબો દે, રૂહાની સંગીત કે જ્ઞાતા, એવં દિલબર ખુદા પ્રતિ યાર હમનેં પહલે કહીં નહીં દેખા. ઐસા રૂહાની સંગીત સુનાનેકી બદૌલત હમ આપકે શુકિયા ગુજાર હૈ."

નવાબ ભાવદશામાં મગ્ન હતા. મહારાજની સ્તુતી કરી તેઓ પ્રેમાનંદ સ્વામી તરફ જોયું અને બોલ્યા, "હે પ્રેમાનંદમુનિ! મેરે અંતર મનસે કહ રહા હૂં કી પહેલે કભી હમને ઐસા રૂહાની સંગીત નહીં સુના. હે પ્રભુ ! યે પ્રેમમુનિકે દિલકે મુહબ્બતેં લબ્ઝ સુનતે સુનતે મહેસુસ હુઆ કી માનો હમ કોઈ નુરાની રૂહકા કરિશ્મા હી સુન રહે હો!"

મહારાજે મસ્તક હલાવી નવાબના ઉદ્‌ગારોને અનુમોદિત કર્યા અને પ્રેમસખી સામે મધુર સ્મિત સાથે દૃષ્ટિ કરી.

મુસ્લીમ બિરાદરો ઉર્દૂ શબ્દપ્રયોગ કરે એવા જ શબ્દોમાં પદોની રજુઆત થતાં ત્યાં ઉપસ્થિત અન્ય બિરાદરોને પણ થયું કે, 'આ કોઈ મુસ્લિમ ભક્ત શ્રીહરિના ઓલિયા બની ગયેલા હશે કે શું?'

નવાબે પોતાની વાત આગળ ચલાવી. એ કહે, "સ્વામીજી ! આજકે બાદ હમ કિસી દરબારી ગવૈયાકે પાસ ઐસા સંગીત કભી નહીં સુન પાએંગે. ક્યા આપકી સ્વર સાધના ! ધન્ય હૈં ! આપકી ગાન વિદ્યાકો ધન્ય હૈ ! આપ ઔર યે ખુદાતાલા શ્રીહરિકો મુબારકબાદ હો!"

પ્રેમાનંદ સ્વામી વિનય કરતાં બોલ્યા, "નવાબ સરાકર ! મૈં તો બહુત કુછ કમ હૂં. માત્ર ઈસ સારંગી જૈસા સાધનમાત્ર હૂં. મુજમેં જો નુરાઈ રૂહ હૈં વો ગા રહે હૈ. મેરે સ્વામિન્, મેરે હૃદયેશ્વરકી હી યે દેન હૈ."

સ્વામીના આવા નિર્માની વચનો સાંભળી નવાબ ગદ્‌ગદીત થઈ ગયા. "આહા ! ઐસે ગુણોત્કૃષ્ટ હોને બાવજુદ કીતના વિનય ! સ્વામી ! અપને યશ કા માલિક ખુદા કો બનાને વાલે આજ પહેલે પહલ દેખા સુના. જ્યાદા કહેને મેં મૈં અશબ્દ હૂં."

મહારાજની આ નવાબી મુલાકાત અને સંતોની સંગીતની રજૂઆત નવાબના હૃદયમાં સદાયને માટે કોતરાઈ ગઈ. સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે નવાબના અંતકાળે સ્વયં શ્રીહરિ એમને તેડવા પધાર્યા હતા અને સૌ પરિવારજનોને અનુભૂતિ થઈ હતી.

વૈષ્ણવ સંપ્રદાયમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજી પાસે જેમ અષ્ટ સખાઓ હતા, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે અનેક શ્રેષ્ઠ નંદ સંત-કવિઓ હતા. એમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી વગેરે સંત-કવિઓ વધારે પ્રસિદ્ધ થયા છે. ઉપરાંત પૂર્ણાનંદ સ્વામી, અવિનાશાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી વગેરે બીજા અનેક નંદ સંત-કવિઓ પણ હતા.

આ સંતોની રચનાઓને કવિશ્વર શ્રી દલપતરામ, ન્હાનાલાલ ભટ્ટ, ઉમાશંકર વગેરે કવિઓએ બિરદાવી છે.

એ સમયે નંદ સંતોએ રચેલું રસે ભરેલું સાહિત્ય થોડા જ સમયમાં લોકજીભે રમવા લાગ્યું, કારણ કે સાહિત્યની સરળ ભાષા અને રસાળ શૈલી અભણ લોકોને પણ આકર્ષતી હતી. આજે પણ એ પદો અને ગદ્યગ્રંથો એટલા જ લોકપ્રિય રહ્યાનું કારણ પણ વર્તમાન સમયને અનુરૂપ અને લોકહૈયે વસી જાય એવો ભાષાપ્રયોગ કારણભૂત છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધહસ્ત સાહિત્યકાર સંતોએ ગુજરાતી સાહિત્યની જે સેવા કરી છે, તે ગુજરાતી સાહિત્યના આકાશમાં ધ્રુવતારા સમાન છે. સહજાનંદ સ્વામીના સંગમાં અને સહજ ઊર્મિઓની સંગાથે જે ઉત્તમ કાવ્યોનું સર્જન થયું, તે કાવ્યો ચિરકાલ સુધી ગુજરાતીઓની રગરગમાં ગુંજતા રહેશે.

આ સાહિત્યનો જેટલો આસ્વાદ લઈએ, જેટલો રસ લઈએ, એટલા પારલૌકિક આનંદની અનુભૂતિ દિવસે દિવસે વધતી જશે, ભગવાન શ્રીહરિમાં અસાધારણ પ્રીતિ ઉપજશે અને અખંડ આનંદ પ્રાપ્ત થશે.

# જીવન ઘડતરમાં વાંચનનું મહત્ત્વ

- કલ્યાણ એન. અજાગીઆ

એક ભારતીય તરીકે આપણને ગૌરવ થાય એવી ઘટના ફેબ્રુઆરી - ૨૦૧૪માં અમેરિકામાં બની. મૂળ હૈદરાબાદના શ્રી સત્યા નાંદેલાની નિમણુંક વિશ્વ વિખ્યાત સોફ્ટવેર કંપની 'માઈક્રોસોફ્ટના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર' તરીકે થઈ. 'માઈક્રોસોફ્ટ'ની સ્થાપના શ્રી બીલ ગેટ્સે કરી છે. શ્રી સત્યા નાંદેલાની ઉંમર માત્ર ૪૬ વર્ષ છે. 'માઈક્રોસોફ્ટ'ના સી.ઈ.ઓ. તરીકે તેમને વાર્ષિક ૭૮ બિલિયના ડોલર મળશે. (૭૮,૦૦,૦૦,૦૦,૦૦૦ ડોલર હો !) પોતાની આ સફળતા માટે તેઓ કહે છે : 'મારી જિજ્ઞાસા અને નવું નવું શીખવાની જ્ઞાનપિપાસા જ મારી સફળતાનું રહસ્ય છે. હું વાંચી ન શકું તેના કરતાં પણ વધુ પુસ્તકો ખરીદું છું.' આ છે વાંચનની તાકાત!

કોઈપણ મહાપુરુષના જીવનમાં આપણે નજર કરીશું તો તે દરેકમાં એક વાત સામાન્ય જોવા મળશે અને તે એમનો વાંચનનો શોખ. વાંચનથી મસ્તિષ્ક ઘડતર થાય છે.

ગરીબ કઠિયારાના પુત્ર અને જેમનું બાળપણ જંગલમાં જ વીત્યું હતું એવા અબ્રાહમ લિંકનને વાંચનનો શોખ નહીં, પણ વ્યસન હતું. કોઈપણ પુસ્તક એમના હાથમાં આવે એટલે પૂરું વાંચીને જ જંપે ! દિવસે પિતાને ખેતીકામમાં મદદ કરવી પડે એટલે વાંચન માટે રાત્રે જ સમય મળે. તે દિવસોમાં ફાનસ પણ ન હતાં. એટલે લાકડા સળગાવી તાપણાને અજવાળે તેઓ વાંચતા. તેઓ કહેતા : 'હું જે કંઈ જાણવા માંગુ છું તે બધું પુસ્તકોમાં ભર્યું છે. મારા વાંચનમાં ન આવ્યું હોય તેવું પુસ્તક કોઈ મને લાવી આપે તો તે મારો પરમ મિત્ર છે.' માત્ર સોળ વર્ષની ઉંમરે આસપાસના પચાસ માઈલના વિસ્તારમાંથી મળી શકે એ બધા જ પુસ્તકો એમણે વાંચી લીધા હતા. એમની વાંચનની ભૂખ એટલી તીવ્ર હતી કે પોતે વાંચ્યું ન હોય એવું પુસ્તક અમુક જગ્યાએ છે એવી ખબર પડે કે તરત જ તેઓ ત્યાં પહોંચી જતા અને પુસ્તક લાવી, વાંચી અને પરત પહોંચાડતા. બહુ જ ઓછું શાળાનું શિક્ષણ લીધું હોવા છતાં, માત્ર વાંચનના શોખને કારણે તેઓ બે વખત અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા. આજે પણ અમેરિકન પ્રજા તેમને 'રાષ્ટ્રપિતા' તરીકે આદર આપે છે.

વેરાવળ પાસેના માંગરોળમાં જન્મ અને માત્ર મેટ્રિક સુધી અભ્યાસ. પરંતુ જેમના માર્ગદર્શન નીચે વીસ વિદ્યાર્થીઓએ **Ph.D.** કર્યું હતું એવા ભારતના પ્રખર વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીજી ૧૦૦ વર્ષની ઉંમરે પણ વાંચન અને લેખન પ્રવૃત્તિમાં કાર્યરત હતા. તેમણે ૧૭૦થી વધુ પુસ્તકો લખ્યા છે અને ડી. લીટ. સહિત અનેક માનદ્ ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેઓ કહેતા : 'મારી જ્ઞાન પિપાસાએ મને અડીખમ રાખ્યો છે.'

કિલ્લા પારડીમાં સ્વાધ્યાય મંડળના સ્થાપક વેદમૂર્તિ શ્રીપાદ્ દામોદર સાતવલેકરજી પણ ૧૦૦ વર્ષની ઉંમર સુધી વાંચન-લેખનમાં કાર્યરત હતા. તેમણે વેદો ઉપર લખેલ ગ્રંથો વિશ્વભરમાં વંચાય છે અને અભ્યાસક્રમમાં પણ સામેલ છે.

કન્નડ વિભૂતિ પદ્મભૂષણ શ્રી કોટા શિવરામ કારંથ પણ ૯૬ વર્ષની ઉંમર સુધી વાંચન-લેખનમાં પ્રવૃત્ત હતા. તેમણે ૪૦૦ જેટલા પુસ્તકો લખ્યા છે. વાચક બન્યા વિના લેખક બની શકાય નહીં.

થોડા વર્ષ પહેલા જેમનું અવસાન થયું તે દિલ્હીના અંગ્રેજી લેખક અને પત્રકાર શ્રી ખુશવંતસિંહજી ૯૯ વર્ષની ઉંમરે પણ રોજના ત્રણથી ચાર કલાક વાંચન કરતા.

બહોળા વાંચનથી આપણી અજાણતામાં જ આપણી અંદર લેખકનો જન્મ થાય છે. વાંચન અભ્યાસના હેતુથી કરવું જોઈએ. વાંચતી વખતે સાથે પેન કે પેન્સિલ રાખી નોંધપાત્ર લખાણ પર નિશાની કરી શકાય. છાપા કે મેગેઝીનના નોંધપાત્ર લખાણનું કટીંગ કરી ફાઈલ બનાવી શકાય. અલગ નોટબુકમાં પણ અગત્યની માહિતી નોંધી શકાય. જ્ઞાન પ્રાપ્ત કરવા આ બધું જરૂરી છે. કારણ કે આજનો સમય જ્ઞાનનો સમય છે.

"સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે." એ સૂત્રના પ્રણેતા લોકમાન્ય ટિળકને આઝાદીની લડત દરમિયાન અંગ્રેજ સરકારે જેલમાં પૂર્યા. જેલમાં એમણે ચારસો

ગ્રંથોનો અભ્યાસ કર્યો. પરિણામે જગતને 'ગીતા રહસ્ય' નામનો અમૂલ્ય ગ્રંથ પ્રાપ્ત થયો.

માણસના જીવનમાં પુસ્તક કેવું પરિણામ લાવે છે તેનું જવલંત દૃષ્ટાંત એટલે પશ્ચિમ જર્મનીના વર્નર હાઇજનબર્ગ. માત્ર ૧૯ વર્ષની વયે હાઇજનબર્ગ એક શાળામાં ચોકીદાર હતાં. વાંચનનો જબરો શોખ. એક દિવસ તેમના હાથમાં ગ્રીક તત્ત્વચિંતક પ્લેટોનું 'ટાયમિયસ' (સંવાદ) પુસ્તક આવી ગયું. આ પુસ્તક વાંચતા વાંચતા તેમને ભૌતિકશાસ્ત્રમાં રસ પડ્યો. તેમણે ભૌતિકશાસ્ત્ર ઊંડો અભ્યાસ કરી અનેક અમૂલ્ય પુસ્તકો લખ્યા. માત્ર ૧૦ વર્ષમાં તેણે એટલી પ્રગતિ કરી કે તેના સંશોધનોને કારણે તેને નોબલ પુરસ્કાર પ્રાપ્ત થયો. ક્યાં એક શાળાનો ચોકીદાર અને ક્યાં નોબલ પુરસ્કાર વિજેતા ભૌતિક શાસ્ત્રી? આ છે વાંચનનો ચમત્કાર!

માઇકલ ફેરાડેના જીવનમાં પણ આવો જ ચમત્કાર જોવા મળે છે. આર્થિક મુશ્કેલીને કારણે એમણે માત્ર ચાર ધોરણ ભણીને શાળા છોડી દીધી. ૧૪ વર્ષની ઉંમરે એક પુસ્તક વિક્રેતાની દુકાનમાં બુક બાઇન્ડર તરીકે નોકરી સ્વીકારી. વાંચનમાં એટલો બધો રસ કે જે પુસ્તક બાઇન્ડિંગ માટે આવે તે વાંચી જતા. એક વખત રસાયણશાસ્ત્રનું પુસ્તક આવ્યું. આ પુસ્તકમાં ફેરાડેને એટલો બધો રસ પડ્યો કે ઘેર લઈ જઈ રાત્રે બે વખત વાંચી ગયા. બસ ! પછી તો રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના પુસ્તકો વાંચતા ગયા, સાથે સાથે વિજ્ઞાનના પ્રયોગો પણ કરતા ગયા અને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક બની ગયા. એમણે યાંત્રિક રીતે વિદ્યુત ઉત્પન્ન કરી શકાય એવા ડાયનેમોની શોધ ઉપરાંત વિદ્યુત વિભાજનના નિયમોની શોધ કરી. ચુંબકીય વિદ્યુતક્ષેત્રે એમનું નામ વિશ્વવિખ્યાત છે. વાંચનનું કેવું અદ્‌ભુત પરિણામ!

પૂર્વ રાષ્ટ્રપતિ અને 'મિસાઇલ મેન' તરીકે જગવિખ્યાત ડૉ. અબ્દુલ કલામ એમના પુસ્તક '**My Journey**'માં લખે છે કે 'બચપણથી જ પુસ્તકો મારા નિકટના સાથીદાર રહ્યા છે. પુસ્તકો મારા એવા મિત્રો છે જેણે મને હાથ પકડીને દોર્યો છે.' હિન્દુ ધર્મશાસ્ત્રોનું પણ કલામ સાહેબને ઊંડું જ્ઞાન હતું. એમના લખાણમાં વેદ, ઉપનિષદ, મહાભારત, ગીતા, પતંજલિ યોગસૂત્ર અને અષ્ટાવક્ર ગીતા જેવા સનાતન ધર્મ ગ્રંથોના સંદર્ભ જોવા મળે છે. જે એમના બહોળા વાંચનની સાબિતી છે.

ડૉ. કલામ સાહેબ જ્યારે હૈદરાબાદમાં ડીફેન્સ રીસર્ચ ડેવલપમેન્ટ સંસ્થામાં હતા ત્યારે તેમના ડ્રાઇવર કામ ન હોય ત્યારે વાંચન કરતા. કલામ સાહેબે એક વખતે તેને પૂછ્યું : 'હું જોઉં છું કે તમે કંઈને કંઈ વાંચતા રહો છો.' ડ્રાઇવર કહે : 'મારા બાળકો રોજ રાત્રે મારી પાસે વાર્તા કહેવડાવે છે. તેમને નવી નવી વાર્તા કહેવા માટે મારે નવું નવું વાંચવું પડે છે.' કલામ સાહેબ કહે, 'તમને વાંચનનો એટલો બધો શોખ છે તો તમારે પાર્ટ ટાઇમ અભ્યાસ કરી આગળ વધવું જોઈએ.' ડ્રાઇવરે આ શિખામણનો અમલ કર્યો. થોડા વર્ષો બાદ કલામ સાહેબ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમને મદુરાઈ યુનિવર્સિટી - ત્રિવેન્દ્રમના એક કાર્યક્રમમાં જવાનું થયું. તેઓ લોબીમાંથી પસાર થતા હતા ત્યારે એક સુશિક્ષિત વ્યક્તિ તેમને મળવા આવ્યા. કલામ સાહેબને આ વ્યક્તિ પરિચિત લાગ્યા. એટલી વારમાં તો આવનાર વ્યક્તિએ નમન કરી અભિવાદન કરતાં કહ્યું, 'હું હૈદરાબાદમાં આપનો ડ્રાઇવર હતો.' આપની સલાહ મુજબ મેં પાર્ટ ટાઇમ અભ્યાસ કર્યો. હાલ હું મદુરાઈ કૉલેજમાં લેક્ચરર છું.' એક ડ્રાઇવરનું લેક્ચરરમાં પરિવર્તન ! વાંચનના શોખનું કેવું પરિણામ!

જેમને વાંચનનો શોખ હોય તેઓ તો મુસાફરીમાં પણ પુસ્તક સાથે રાખે છે. પૂર્વ નાયબ વડાપ્રધાન શ્રી એલ. કે. અડવાણીજીની બેગમાં હંમેશ પુસ્તક હોય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પણ વાંચનના શોખીન છે.

પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તરફથી સત્સંગ અને સમાજને મળેલા અમૂલ્ય ગ્રંથોનું લેખન મોટાભાગે

- અનુસંધાન પે. નં.૧૬ ઉપર

# Kites

- Maulik Unadkat

I was 13 years old, when my dad took me to the terrace for my first kite flying experience. At first, we struggled to make the kite fly and I just couldn't understand why it was so tricky and difficult. Finally, the wind became stronger and the kite took off. I was so happy. I almost felt like the pilot of the kite. While the kite took new heights, I had my EUREKA moment. I discovered the secret to make the kite fly so high that it would disappear.

"Papa, you are tying down and restricting the kite with this string. Why don't you let it fly freely? It is because of this string, that it cannot fly, are you getting it?"

Dad said, "Trust me. It's not how it seems it is. The kite is not tied down by the string, it's flying because of the string. If you hold it too tight, it will tie down the kite. If you let it too loose, it will mislead the kite. You have to maneuver the kite correctly. That's the key."

"Dad, please understand. The kite has got its initial momentum already because of the wind. We have done our job. The string has done its job. The best thing we could do now, is set the kite free. It will fly freely on its own. Don't tie it down like you and mom tie me down with your restrictions. Trust me, set it free and see how high it flies."

And I cut the string, thinking I am setting the kite free. Down came the kite, and so did my ego. The string wasn't tying the kite, it was making it fly.

Life, my friend, is sometimes as tricky as kite flying. In life, it's very important to know that the strings that are tying us down are also helping us fly. It's true.

Haven't we always felt tied down to whatever we are made answerable to? Today, I am no longer 13, I am 34 years old, but my mom's concern is still the same. Each time that I am travelling alone, even in today's time when we can buy tasty food in every corner of the world she asks, "What food should I pack for you for the journey, what if you do not get anything to eat." Till date dad does not sleep until I am home. If I get too late, he calls, "How much more time beta?" If work is too hectic, my wife calls, "Even today you will get late?" If I am too busy to call or meet my friends, they complaint, "Tu badal gaya hai, you have forgotten us. Time hi nahi hai tere paas."

These relationships seem to tie us down, but they are the reason we can fly high. Never cut these strings or downfall is inevitable.

On a deeper level I understood that in life, we are the kite and we are the string too, we play both roles. Our attitude is everything, it plays the role of the string. If we hold down ourselves too tight, we tie ourselves down. If we let ourselves too loose, we lose direction. We have to learn to maneuver ourselves correctly, with the right attitude. Confidence helps, but overconfidence kills. When we think we know it all, we begin to fail and fall.

If you have actually done kite flying, you will relate to the next line. The string may sometimes even cut your finger, hurt you, harm you. Still, you must hold onto the strings. The strings of your life too may hurt you, harm you, irritate you, test you but hold on to your strings.

Remember. The string isn't tying you down. Fly high.

# Satsanga with the ascetics

- Sweta Thakkar

There was a beautiful garland of mountain ranges all around the large lake. The huge region around the foot of the mountains was magnificent. The water of the lake was extremely pure and clean. Colourful Stones looked attractive at its bottom. There were wide varieties of trees, various fruits, different flowers and diverse species of birds that were chirping around its bank.

It was a land of such a divine paradise that it could not be possible for even the most vigorous and zestful man to enter. Ghanshyam started meditating at the bank of this lake.

The great experienced souls affirm that 'Thousands of divine and accomplished yogis live on this sacred land of the Himalayas.' No worldly man can see them. Their darshan is possible only if these ascetics decide to appear before them.

A similar group of divine sages appeared before Ghanshyam who was adorning the bank of the divine lake of the Himalayas. Being mesmerised, these ascetics kept gazing at the lustrous face of Ghanshyam.

Ghanshyam opened His eyes after some time. Looking at the ascetics before Him, He greeted them, the ascetics too greeted Ghanshyam with due respect. Ghanshyam bowed before the ascetics and asked, "Oh great ones! Who are you'll?"

The ascetics said, "Oh bal yogi (child ascetic)! We are the disciples of sage Durvasa. We have gained triumph over time by the means and practice of Hatha Yoga. Our bodies are sustained by Yoga. Prana Yoga and practice of Saur sadhna always keeps us free from diseases. We are practicing Yoga since many years on this divine land. By doing penance on this divine land, one can reach Badrikashram and even Shwet dweep."

"No one can enter this place without our wish. Arjun ji had arrived by the grace of Lord Shree Krishna at the time of the Pandavas and gained divine powers by penance. It is impossible for any person to reach here. We had already know by our divine powers that you are a great ascetic because no ordinary man can ever cross this cave and reach here."

"There is a dwelling of ascetics at some distance from here wherein many yogis reside. The king of this dwelling is also a great ascetic and our disciple. The king too can know the occurrences about the past and the future by means and practice of Yoga just like us. The King by the power of Yoga had know that you have arrived here. The king has an ardent desire in his heart to meet You, so he his coming in a while for Your darshan."

The conversation goes on like this; the king arrives with his servants and bows down before Ghanshyam and the group of ascetics and prays with his folded hands, "Oh young yogi! Please arrive at our city of penance."

Ghanshyam was experiencing joy deep within his heart by the divine darshan of these ascetics, but the surprising fact was that there was no influence of these divine powers of the ascetics on Him.

Ghanshyam politely told the king, "I love forests and mountains. I don't go to any villages or cities, so I won't come to your dwelling but we'll sit here and do satsang."

The hidden meaning behind Ghanshyam's words was 'You cannot persuade me by the means of the miracles of Yoga.' In spite of insistence by the king, Ghanshyam was not convinced to come along.

A conversation took place between the great ascetics and young Ghanshyam at the bank of the lake amidst the divine environment of the Himalayas. There was a discussion regarding different types of yoga, and many perplexities and obstacles which come on the path of penance.

All the ascetics were greatly surprised by profound knowledge of young Ghanshyam about yoga.

At last, Ghanshyam made a meaningful remark in the midst of the conversation, "Oh great ones! I want to suggest you'll something if you don't feel bad about it! "

The ascetics said, "Oh bal yogi! Say as You please without any hesitation."

Ghanshyam began with the discourse revealing the secret of yoga. "Oh ascetics! I respect your practice of yoga. You all have retained your bodies by means of yoga for thousands of years. But, I don't consider this as the real fruit of yoga."

"It is unworthy to remain encaged in one's body even in name of yoga."

"Human body is a unique medium to achieve God. Instead of working hard to preserve this instrument for years together, one should make proper use of this instrument with great understating; one should also accomplish the greatest element in the form of attainment of the absolute truth. One should leave one's body just as the snake sheds its skin."

"Oh ascetics, Satsang is better than yoga for attaining the absolute truth. Lord Shree Krishna also says in Bhàgvat that Satsang is the best among all the means (of attaining lord). Lord Shree Krishna has considered all the accomplishments of yoga as obstacles for attaining the Lord. Attaining God is the true accomplishment. Apart from this, other accomplishments are no greater than a blade of grass."

"Oh ascetics, it's ignorance to believe that only Hatha Yoga is the medium to achieve God. Bhakti Yog is means of attaining God, which is also called as Raj Yoga. Devoted Bhaktas who have minds yearning for love can experience the God in real form without regulating breath. One can experience absolute happiness by Samadhi."

The ascetics were relishing the words of Ghanshyam like nectar. They realised their incompleteness by the words of Ghanshyam.

The ascetics said, "Oh bal yogi! Our preceptor: the great sage Durvasa had blessed us with great words thousands of years ago- 'You will meet supreme God in form of an ascetic in future which will be the fruit of your yoga.' After having your darshan and listening to your divine words, we feel that the blessing of the sage Durvasa has borne its fruit. Now you instruct us what we should do?"

Ghanshyam said, "Oh ascetics! Now you all leave this body that is sustained by yoga and incarnate again as human beings in the Indian subcontinent. Keep the company of the great bhàgvat paramhansas of the God. The bhàgvat paramhansas will teach you the real yoga."

The ascetics happily accepted the instructions of Ghanshyam. Ghanshyam once again took the way to Pulhashram after explaining the true meaning of yoga to these ascetics who belonged to the age of Durvasa.

- અનુસંધાન પે. નં.૧૨ ઉપરનું

પ્રવાસમાં જ થયું છે. ગાડી હોય કે પ્લેન, ચાલું વાહને સ્વામી સતત લખતા-લખાવતા રહે છે અને પુસ્તક તો એમનું જીવન છે. વાંચન વગર એમને નિદ્રા આવતી નથી.

પ્રસિદ્ધ ન્યુરોલોજિસ્ટ ડૉ. બેન કાર્સન નાનપણમાં ખૂબ જ તોફાની હતા. પુત્રને સંસ્કાર આપવા માટે તેની માતાએ લાયબ્રેરીમાંથી સારા સારા પુસ્તકો લાવી આપ્યા. કાર્સનને વાંચનમાં રસ પડ્યો. ધીરે ધીરે તેમનામાં પરિવર્તન આવતું ગયું. અને વિશ્વપ્રસિદ્ધ ન્યુરોસર્જન થયા. પોતાની પ્રગતિનો યશ તેઓ માતાએ સિંચેલા વાંચનના સંસ્કારને આપે છે.

વિનોબા ભાવેને નાનપણમાં તેમના પિતાએ રામાયણ અને મહાભારત એ બે ગ્રંથો ભેટ આપ્યા અને કહ્યું, 'આ ઉત્તમ મિઠાઈ છે, જે તારા જીવનને મધુર બનાવી દેશે.' વિનોબાજી કહે છે, 'એ સદ્‌વાંચને જ મારા જીવનને ઘડ્યું છે.'

મુસાફરી દરમિયાન વાંચનની ટેવ પાડવી જોઈએ. જેથી જ્ઞાનમાં વધારો થાય. વાંચનનો પાયો જેટલો વિશાળ એટલી જીવનદૃષ્ટિ વિશાળ થાય છે. વાંચન તો કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવાની માસ્ટર કી છે. ટી. વી. અને મોબાઈલના આજના યુગમાં લોકોનું વાંચન ઓછું થતું જાય છે. એમાં પણ વિદ્યાર્થીઓ તો અભ્યાસ બહારનું ભાગ્યે જ વાંચતા હોય છે. કંઈક અંશે આજની શિક્ષણ પદ્ધતિ પણ આને માટે જવાબદાર છે. શાળાનો અભ્યાસ બે-ત્રણ ટ્યુશન અને દરેકનું હોમવર્ક - આમાંથી વિદ્યાર્થી ઊંચો આવે તો વાંચે ને ? વિદ્યાર્થીની સ્કૂલ બેગ જોતાં "ભાર વિનાનું ભણતર" એ માત્ર ભ્રામક સૂત્ર જ છે. આવી પરિસ્થિતિમાં પણ જેને આગળ વધવું હોય તેમણે સમયનું આયોજન કરી વાંચન કરવું જોઈએ. નહીં તો પછી પસ્તાતા પસ્તાતા ગાવાનો વખત આવશે કે -

મોબાઈલે ગ્રહ્યો મારો જમણો હાથ,
ટીવીમાં ખૂંપી ગઈ મારી બન્ને આંખ!
ઉડવું તો ઘણું હતું મારે પણ હું શું કરું ?
મારી તો કપાઈ ગઈ બંને પાંખ!!!

યુવા મિત્રો ! જ્યાં છો ત્યાંથી એક ડગલું આગળ વધો. એક એક ડગલું વધતા જ રહો... પ્રગતિને પૂર્ણવિરામ ન હોય. સફળ જીવન માટે હાર્દિક શુભેચ્છા.

# સમાચાર દર્શન

## પાટોત્સવ તથા શાકોત્સવ

તા. ૧૦ ફેબ્રુઆરી, વસંતપંચમીના પરમ પવિત્ર દિને SGVP ના પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન શ્રી સીતારામજી, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. વૈદિક વિધિ અનુસાર આચાર્યશ્રીઓ તથા ઋષિકુમારો દ્વારા મંત્રગાન સાથે વિવિધ ઔષધીઓ, ફળોના રસ, ધાન્ય રસ તેમજ કેસર-ચંદન તથા પુષ્પવૃષ્ટિથી ભગવાનનો દિવ્ય અભિષેક થયો. અભિષેક પૂર્ણ થયા બાદ ભગવાનને નૂતન વસ્ત્રો તથા આભૂષણોથી આભુષિત કરવામાં આવ્યા.

આ પાવન અવસરે શાકોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાકોત્સવની સભાના પ્રારંભે આજરોજ શિક્ષાપત્રી જયંતિ હોવાથી ગ્રંથરાજ શિક્ષાપત્રીનું સમૂહ અનુષ્ઠાન તથા સદ્‌ગુરુ સંતો દ્વારા પૂજન થયું. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ ઉપસ્થિત ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ખાસ જાણીતા કથાકાર પરમ પૂજ્ય જીગ્નેશદાદા 'રાધે રાધે' ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની મંગલ વાણીપ્રવાહમાં સૌને રસતરબોળ કર્યા હતા. સભાના અંતે સદ્‌ગુરુ સંતોએ, વિદ્યાર્થીઓ તથા સંતોએ ઠાકોરજીને પ્રેમભક્તિથી ધરાવેલ અન્નકૂટની આરતી કરી. આરતીના દર્શન કરી સહુ ભક્તજનો શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી છૂટાં પડ્યાં હતાં. રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવેલો અન્નકૂટનો મહાપ્રસાદ આસપાસમાં વસતા નાનાં નાનાં માણસોને, અંધ-અપંગ શાળાઓમાં તથા અનાથાશ્રમમાં પહોચાડ્યો હતો.

## પ્રજાસત્તાક પર્વ

૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ના આંગણે પ્રજાસત્તાક પર્વ ભવ્ય રીતે ઉજવાયું. પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ આ પર્વમાં વાલીઓ, અન્ય મહેમાનો, અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓ, દર્શનમ્‌ના વિદ્યાર્થીઓ તથા ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ધ્વજવંદન કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સમૂહ પરેડ દર્શનીય રહી. તેમજ વિવિધ યોગાસનોના દાવ, દેશભક્તિથી ભરપૂર નૃત્યો વગેરે રજૂ કરી વિદ્યાર્થીઓએ સહુને દેશભક્તિના રંગે રંગી દીધા હતા.

આ પ્રસંગે ખાસ પૂજ્ય સ્વામીજીના માર્ગદર્શન પ્રમાણે SGVP સંસ્થા દ્વારા દરવર્ષની જેમ શહિદ પરિવારોના સંતાનોને પરમાત્માના પ્રસાદ સ્વરૂપે વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી હતી. આ સમયે ઉપસ્થિત સહુ મહેમાનો તથા વિદ્યાર્થીઓએ શહિદ પરિવારોને તથા સંસ્થાના આ અજોડ કાર્યને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું હતું. આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પ્રેરણાત્મક વાતો કરી જેમણે દેશની રક્ષા માટે નિસ્વાર્થ બલીદાન આપેલું છે એવા વીરગતિ પામેલા સૈનિકોને ભાવાંજલી અર્પણ કરી હતી. તથા ઈન્ટરનેશનલ સ્કુલના ડાયરેક્ટર શ્રી જયદેવભાઈ સોનગરાએ આઝાદીના ઘડવૈયાઓને યાદ કરી પ્રેરણાત્મક વાતો કરી હતી.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી કુંભમેળામાં ઉપસ્થિત હતા. જ્યાં જૂના અખાડા પીઠાધીશ્વર મહામંડલેશ્વર અવધેશાનંદગીરીજી મહારાજના સાન્નિધ્યમાં યોજવામાં આવેલ ધ્વજવંદન કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજીએ ઉપસ્થિત રહી ધ્વજવંદન કર્યું હતું.

## શહીદોને શ્રદ્ધાંજલિ

તાજેતરમાં જમ્મુ-કાશ્મીર સ્થિત પુલવામામાં સૈનિક જવાનોના કાફલા ઉપર કરવામાં આવેલ આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કરતો કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ઉજવાયો હતો. આ કાર્યક્રમ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાના સાન્નિધ્યમાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના સ્વરૂપે વિદ્યાર્થીઓ, ભક્તજનો તથા સંતોએ મળી એક કલાકની ધૂન કર હતી. ત્યારબાદ પુષ્પગુચ્છ, દીપ તથા સંગીતની સૂરાવલીઓ સાથે શહિદ સૈનિકોના આત્માઓને સાશ્વત સુખ પ્રાપ્ત થાય તથા તેમના પરિવારજનોને ધીરજ અને આશ્વાસન મળે તેવા હેતુથી ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થા તરફથી શહીદ પરિવારોને આર્થિક સહાય કરવાની પણ જાહેરાત કરાઈ હતી.

સાથે સાથે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરમાં ૧૨૦૦ દીકરા-દીકરીઓ, શિક્ષકો તથા આસપાસના ગામડાંઓના ભક્તજનોએ સાથે મળી ધૂન-ભજન કરી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે સંતો-ભક્તો-વિદ્યાર્થીઓએ શહીદોને યાદ કરી ધૂન-ભજનની સાથે અંજલિ અર્પણ કરી હતી.

## ગુરુકુલ ગૌરવ

તારીખ ૫ ફેબ્રુઆરીના રોજ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ગુજરાતના રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં પદવીદાન સમારંભ યોજાતો હોય છે. જેમાં SGVP સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમાર જાની રવિ સમગ્ર સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં શાસ્ત્રી કક્ષામાં સર્વ પ્રથમ અને શાસ્ત્રી શ્રી નિરંજનદાસજી સ્વામી શાસ્ત્રી કક્ષામાં દ્વિતીય ક્રમે આવતા રાજ્યપાલશ્રીના હસ્તે અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દર્શનમ્ મહાવિદ્યાલયના પ્રાધ્યાપક હાર્દિકભાઈ જોષી તથા સુભાષભાઈ વસોયાને રાજ્યપાલશ્રીના વરદ હસ્તે પીએચ.ડી.ની વદવી એનાયત કરવામાં આવી હતી.

આ ઉપરાંત પૂજ્ય શાસ્ત્રી શ્રી નિરંજનદાસજી સ્વામી શાસ્ત્રી કક્ષામાં સ્વામિનારાયણ વેદાન્તમાં પ્રથમ, જાની રવિ શાસ્ત્રી કક્ષામાં વ્યાકરણમાં પ્રથમ તથા રાજ્યગુરુ જયદેવ શાસ્ત્રી કક્ષામાં ન્યાય શાસ્ત્રમાં પ્રથમ આવતા રાજ્યપાલશ્રીએ ત્રણેયને ગોલ્ડ મેડલ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે સોમનાથ સંસ્કૃત યુનિ.ના કુલપતિ શ્રી ગોપબંધુ મિશ્રજી, સંપુર્ણાનંદ સંસ્કૃત યુનિ.વારાણસીના કુલપતિ શ્રી રાજારામ શુક્લજી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દર્શનમ્‌ના ઋષિકુમારો, સંતો, પ્રાધ્યાપકોની આ સિદ્ધિ બદલ સદ્‌ગુરુ સંતોએ સર્વને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

## શ્રદ્ધા સુમન

**અ.નિ. પ.ભ. શ્રી લાલજીભાઈ રામજીભાઈ ઠક્કર :-** અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી લાલજીભાઈ ઠક્કર તારીખ ૧, ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. લાલજીભાઈએ સદ્‌ગુરુ સંતોનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આજે પણ આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ જ સેવાઓ કરે છે. સંતો તથા શ્રીહરિમાં હેત વાળા લાલજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા મહેશભાઈ, પ્રણવ, બંકીમ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

**અ.નિ. પ.ભ. શ્રી લાલજીભાઇ રણછોડભાઇ કાછડીયા :-** ગામ રાણસીકી, હાલ અમદાવાદ નિવાસી શ્રી લાલજીભાઈ કાછડીયા તા. ૨૯ જાન્યુઆરીના રોજ ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી લાગણીથી જોડાયો છે. ભગવાન શ્રીહરિ લાલજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રવિણભાઈ, મહેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**અ.નિ. પ.ભ. શ્રી કાનજીભાઇ માવજીભાઇ કેરાઈ :-** ગામ બળદિયા હાલ નાઈરોબી નિવાસી પ.ભ. શ્રી કાનજીભાઈ કેરાઈ ૩ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે અને ખૂબ જ સેવાઓ કરે છે. સંસ્થા તથા સંતો સાથે હેત ધરાવનાર કાનજીભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો પ્રેમજીભાઈ, દેવજીભાઈ, લાલજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

**અ.નિ. પ.ભ. શ્રી જયંતિલાલ લાલુભાઈ શાહ :-** ગામ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી જયંતિલાલ શાહ ૧ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. અલ્કા ટ્રવેલ્સના માલિક શ્રી જયંતિભાઈ ખૂબ જ સારા સત્સંગી હતા. રોજ દેવદર્શન અને સંતદર્શન કરવા ગુરુકુલ પધારતા. એમનો પરિવાર પણ ખૂબ જ સારી રીતે ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જયંતિભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી ગીતાબેન કરશનભાઇ ગીના :-** દારેસલામ નિવાસી તથા ગુરુકુલ સાથે ખૂબ જ હેતથી જોડાયેલા ગીના પરિવારના ગીતાબેન તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ જ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ગીતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર મનીષ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

## ગુરુકુલમાં રસોઇ

**છારોડી ગુરુકુલ**

અ.નિ. શ્રી વનિતાબેન હરેશભાઈ વણપરિયા, અમદાવાદ
અ.નિ. શ્રી ભીમજીભાઈ લક્ષ્મણભાઈ રાઘવાણી, આફ્રિકા
પ.ભ. શ્રી નીલકંઠ દશરથભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અવલ રમેશભાઈ કોટડિયા, જામનગર
શ્રી દમયંતીબેન ગોવિંદભાઈ રાઘવાણી, લંડન
પ.ભ. શ્રી કાંતિભાઈ ગોગજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી રમણીકભાઈ રામજીભાઈ પરમાર, રાજકોટ
પ.ભ. શ્રી મહેશભાઈ મનજીભાઈ ગાબાણી, સુરત
પ.ભ. શ્રી મનીષભાઈ ખુંટ, યુ.કે.
પ.ભ. શ્રી હરિ ભાસ્કરભાઈ
પ.ભ. શ્રી ભાવેન પ્રકાશભાઈ પટેલ, અમદાવાદ
શ્રી દર્શનાબેન આર. દવે, અમદાવાદ
શ્રી જયશ્રીબેન લક્ષ્મીચંદભાઈ સોની, રાજકોટ
પ.ભ. શ્રી રવિન્દ્રાંજલી ત્રિવેદી, કેનેડા
અ.નિ. શ્રી ભાનુભાઈ નાથાલાલ પટેલ, અમેરિકા
હ. હિતેશભાઈ
પ.ભ. શ્રી મનોજભાઈ છગનભાઈ ટાંક, સુરત
અ.નિ. શ્રી રમણીકભાઈ મોહનલાલ કાનાણી
હ. પ્રેમીલાબેન
અ.નિ. શ્રી દયાળજીભાઈ તુલસીભાઈ પટેલ
હ. પરેશભાઈ, અમદાવાદ
શ્રી યજ્ઞ પરેશભાઈ ઉપાધ્યાય, અમદાવાદ

**અમદાવાદ ગુરુકુલ**

પ.ભ. શ્રી હિતેશ લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી નિમેષભાઈ ચંદ્રકાંતભાઈ લંગાળિયા, અમદાવાદ
પ.ભ. શ્રી વિપુલ વેલજીભાઈ કથીરિયા, સુરત
પ.ભ. શ્રી નિસર્ગ શાંતિલાલ ઘાનાણી, અમદાવાદ

## આગામી આયોજન

તા. ૦૨/૩/૧૯, શનિવાર : **વિજયા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ.
તા. ૦૩/૩/૧૯, રવિવાર : **સુહૃદસભા:** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૦૪/૩/૧૯, સોમવાર : **મહાશિવરાત્રી : મહાદેવનું વિશેષ પૂજન : કીર્તનસંધ્યા,** સાંજે : ૭ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૧૫/૩/૧૯, શુક્રવાર : **શ્રીહરિ જયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૧૭/૩/૧૯, રવિવાર : **આમલકી એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ.
તા. ૨૧/૩/૧૯, ગુરુવાર : **ફુલદોલોત્સવ :** સદ્‌ગુરુ સંતોના સાન્નિધ્યમાં ફુલદોલોત્સવ, સાંજે ૪:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

વસંતપંચમીના રોજ ભગવાન શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટ દર્શન તેમજ શાકોત્સવની સભામાં ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો સાથે જાણીતા કથાકાર જીગ્નેશદાદા

# 'દર્શનમ્' સંસ્કૃત સંસ્થાન

**નૂતન પ્રવેશ** (૨૦૧૯-૨૦)
પ્રવેશ કાર્યવાહી શરૂ

**વેદ (ધોરણ-૬), પ્રથમા (ધોરણ-૯), મધ્યમા (ધોરણ-૧૧) તથા શાસ્ત્રી-૧ (FYBA)**

**આ સંસ્કૃત મહાવિદ્યાલયમાં વિશેષ:**

* ગુરુકુલ પદ્ધતિનું શિક્ષણ
* વેદ, યોગ, ધ્યાન, વ્યાયામ, સંગીત
* કર્મકાંડ ડિપ્લોમા અને જ્યોતિષ ડિપ્લોમા અભ્યાસક્રમ
* સ્માર્ટ ક્લાસ દ્વારા પ્રાચીન અને અર્વાચીન વિષયોનું શિક્ષણ
* વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, વેદાંત, કોમ્પ્યુટર તેમજ આધુનિક વિષયો

શિક્ષણ, ભોજન અને આવાસની
**નિઃશુલ્ક સુવિધાઓ**

**માન્યતા :**
૯ થી ૧૨ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિ.બોર્ડ, ગાંધીનગર
શાસ્ત્રી-આચાર્ય : શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
વેદાભ્યાસ : શ્રી સાંદિપનિ વેદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન

**સંપર્ક- 9879000973, 7878222644**

**પ્રવેશ ફોર્મ** www.dss.sgvp.org **વેબસાઇટ પર ઉપલબ્ધ છે.**

**સ્થળ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), S.G.હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી જોગી સ્વામી
SGVP હોલિસ્ટિક હોસ્પિટલનું
**નવું સોપાન**

અલ્ટ્રા મોડર્ન
# કેથ લેબ
## ઉદ્‌ઘાટન

**૩ માર્ચ, ૨૦૧૯ ॥ રવિવાર ॥ સાંજે ૫: ૦૦ કલાકે**

એલોપથી, આયુર્વેદ, યોગના સમન્વય સ્વરૂપ
**'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'**
દિન-પ્રતિદિન સફળતાના શિખરો સર કરી રહી છે, ત્યારે
તારીખ ૩, માર્ચના રોજ તેમના નવા સોપાન
**અલ્ટ્રા મોડર્ન કેથ લેબના ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહનું**
આયોજન કરવામાં આવ્યું છે. SGVP ના અધ્યક્ષ
પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના
સાન્નિધ્યમાં આયોજિત આ ઉદ્‌ઘાટન સમારોહમાં
આપની ઉપસ્થિતિ અમારાં માટે ઉત્સાહ વર્ધક અને આવકાર્ય રહેશે...

SGVP કેમ્પસ હોસ્પિટલ, એસ.જી. હાઇવે,
છારોડી, અમદાવાદ - ૩૮૨૪૮૧
02717-240 001, +91 95122 00122
hospital@sgvp.org || www.sgvpholistichospital.org ||

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

## અમદાવાદની સુપ્રસિદ્ધ SGVP ઇન્ટરનેશનલ સ્કૂલ હવે રાજકોટમાં !!

SUNFLOWER GLOBAL SCHOOL
Empowered by
SGVP INTERNATIONAL SCHOOL
(Affiliated to CBSE)
DAY & BOARDING SCHOOL

**Admissions Open...**
KG to 12th
93772 12341

*Through the light of knowledge,*
*We enlighten the life*

*Balanced approach to Study,*
*Sports and Spirituality is the way of life at SGVP*

**Rajkot-Gondal Highway, Ribda, Rajkot**



Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat